# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૮/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરનો ૮૦મો પદગ્રહણ સમારોહ યોજાયો

# વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ દિનેશ નાવડીયા અને ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ પદભાર સંભાળ્યો

## ઇન્ડસ્ટ્રીની સાથે રાજ્યની પ્રગતિ અને દેશના વિકાસ માટે પણ પ્રયત્નશીલ રહીશું : ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૮૦મો પદગ્રહણ સમારોહ બુધવારે સાંજે ૬:૦૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ મલ્ટીપર્પઝ હોલ ખાતે યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૦–૨૧ના ચેમ્બરના પ્રમુખ તરીકે દિનેશ નાવડીયા અને ઉપપ્રમુખ તરીકે શ્રી આશિષ ગુજરાતી તથા માનદ્ મંત્રી તરીકે નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી તરીકે મનીષ કાપડીયા, એક્ઝીબીશન ચેરમેન તરીકે જયંતિ સાવલીયા અને લેડીઝ વીગના ચેરપર્સન તરીકે પૂનમ દેસાઇએ પદભાર સંભાળ્યો હતો.

આ પદગ્રહણ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત ભાજપના અધ્યક્ષ તેમજ સાંસદ સી.આર. પાટીલ તથા અતિથિ વિશેષ તરીકે સાંસદ દર્શના જરદોશ, મેયર ડો. જગદીશ પટેલ, સુરત જિલ્લા કલેકટર ડો. ધવલ પટેલ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીએ સ્થાન શોભાવ્યું હતું.

કેતન દેસાઇએ તેમના કાર્યકાળ દરમ્યાન કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ રજૂ કરી વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ દિનેશ નાવડીયાનો પરીચય આપી તેમને પ્રમુખ તરીકેની બાગડૌર સંભાળવા વિનંતી કરી હતી.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ નિલેશ માંડલેવાળાએ, કેતન દેસાઇના કાર્યકાળ દરમિયાન વેપાર – ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે જે અસરકારક રજૂઆતો અને કામગીરી કરી હતી તે બદલ પ્રશસ્તિ પત્રનો ઠરાવ કર્યો હતો. જેને સર્વે સભ્યોએ વધાવી લીધો હતો.

પદગ્રહણ સમારોહમાં સૌથી મહત્વની બાબત એટલે વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ તરીકે દિનેશ નાવડીયા અને ઉપપ્રમુખ તરીકે આશિષ ગુજરાતીએ પદભાર સંભાળ્યો હતો. મંચ પર ઉપસ્થિત આમંત્રિત મહેમાનો સહિત સર્વેએ તેઓને અભિનંદન આપ્યા હતા.

દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર વ્યકત કરી અને ચેમ્બરના પ્રમુખપદનો સ્વીકાર કરતા પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના બધા ઉદ્યોગોના વિકાસ માટે ચેમ્બર, આ વર્ષે પ્રો–એકટીવ રોલ અદા કરશે. વેપાર અને ઉદ્યોગોના વિકાસ માટે શું નીતિ બનાવવી જોઇએ, તેની સઘન ચર્ચા – વિચારણા કરી સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરીશું. ઇન્ડસ્ટ્રીની સાથે રાજ્યની પ્રગતિ અને દેશના વિકાસ માટે પણ પ્રયત્નશીલ રહીશું. સરકારની ગાઇડલાઇન મુજબ બીટુબીના ધોરણે એકઝીબીશનોનું પ્લાનીગ કરીશું. શૈક્ષણિક ક્ષેત્રના પ્રશ્નોનું પણ નિવારણ લાવવા પ્રયાસ કરીશું.

તેમણે કહયું હતું કે, કોર સેકટર્સ અને સનરાઇઝ સેકટર્સને વૈશ્વિક સ્તરે વધુ વેગ આપવાની કોશિષ કરીશું. આ બંને સેકટર્સમાં વિકાસ કેમ ઝડપી ગતિએ આગળ વધે તે માટેનું વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરાવી સરકારો સમક્ષ રજૂ કરીશું. પ્રોસેસીંગ ઉદ્યોગમાં પણ નવી ટેકનોલોજી સાથેના મોટા એકમો સ્થપાય તેમ કરીશું. સુરત શહેર, દેશમાં બનતા મેન મેઇડ ફાયબરનું ૬૦ ટકા કાપડ બનાવે છે પણ તેની પાસે સારું રિસર્ચ સેન્ટર નથી. આથી કેન્દ્ર સરકારને રજૂઆત કરીશું કે તે સુરતમાં એક અદ્યતન રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે એટલે કે કમ્પોઝીટ ફેસિલીટી સેન્ટર સ્થાપવા માટે જરૂરી અનુદાન આપે.

આ ઉપરાંત દિનેશ નાવડીયાએ વર્ષ ૨૦૨૦–૨૧ના ઓફિસ બેરર્સમાં ચેમ્બરના માનદ્‌ મંત્રી તરીકે નિખિલ મદ્રાસી, માનદ્‌ ખજાનચી તરીકે મનીષ કાપડીયા, લેડીઝ વીગના ચેરપર્સન તરીકે પૂનમ દેસાઇ અને એકઝીબીશન ચેરમેન તરીકે જયંતિ સાવલીયાની જાહેરાત કરી હતી.

પદગ્રહણ સમારોહના મુખ્ય મહેમાન સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, સુરતમાં રહેલી મૌલિકતાને કારણે જ એની અવિરત પ્રગતિ થાય છે. વેપાર – ઉદ્યોગના વિકાસ સાથે શહેરનો વિકાસ સંકળાયેલો છે. ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયા અનેક સંસ્થાઓમાં કામ કરી ચૂકેલા અનુભવી લીડર છે, તેઓ ચોકકસપણે સારી નેતાગીરી પૂરી પાડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરતનો વિકાસ હવે ટેક્ષટાઇલ આધારિત રહયો નથી. અહી સુરત ડાયમંડ બુર્સની તડામાર તૈયારીઓ ચાલે છે. ડાયમંડ માટે સુરત, મુંબઇનો વિકલ્પ બની જશે. આખા દેશમાં ગુજરાત મોખરે છે અને ગુજરાતમાં સુરત મોખરે છે. સુરતમાં ઘણા અટકેલા વિકાસના કામો ઝડપથી પૂર્ણ થઇ રહયાં છે. આગામી સમયમાં સુરત મહાનગર પાલિકાનું બિલ્ડીગ પણ ઝડપથી બનશે. થોડા દિવસોમાં કસ્ટમર કલીયરન્સ અહી થશે

અને એરપોર્ટ ઉપર વધારે પ્લેન આવશે. દિલ્હી એરપોર્ટ સમાન સુરત રેલ્વે સ્ટેશન અને ઉધના રેલ્વે સ્ટેશનના પ્રોજેકટ પણ સાકાર થશે.

સાંસદ દર્શના જરદોશે જણાવ્યું હતું કે, ચેમ્બરની કાર્ય કરવાની પ્રણાલી ખૂબ જ સારી છે. વેપાર – ઉદ્યોગના પ્રશ્નોની રજૂઆતમાં પણ સુરત પ્રથમ ક્રમે જ રહે છે. હવે તો સુરતમાં સેનામાં વપરાતું મટીરિયલ પણ બનતું થયું છે. ફૂડ ઇન્ડસ્ટ્રી પણ ઘણી ડેવલપ થઇ રહી છે અને ચેમ્બરે કૃષિ ક્ષેત્ર અને ફૂડ ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા માટે આગવું પ્રદર્શન પણ કર્યું હતું.

મેયર ડો. જગદીશ પટેલે જણાવ્યું હતું કે, ચેમ્બર ખૂબ જ મહત્વપૂર્ણ સંસ્થા છે. સુરતમાં એરપોર્ટ વિકસ્યું છે અને મેટ્રો રેલ પ્રોજેકટ પણ ડેવલપ થવા જઇ રહયો છે. સુરત, મુંબઇનો ભૂતકાળ હતો અને ભવિષ્ય પણ બની જશે તેવું કહી શકાય છે. તેમણે વધુમાં કહયું કે, સુરતમાં ઘણી આફતો આવી પણ સુરત અડગ રહયું છે. વેપાર અને ઉદ્યોગ માટેનું અનુકુળ વાતાવરણ માત્ર સુરતમાં જોવા મળે છે. વડાપ્રધાન ઇઝ ઓફ ડુઈંગને સિદ્ધ કરવા પ્રયાસ કરી રહયાં છે ત્યારે સુરતે વર્ષો પહેલાંથી જ ઇઝ ઓફ ડુઈંગનું વાતાવરણ સર્જ્યું છે. બ્રિટીશ પ્રજાએ પણ વેપારનો પાયો સુરતથી નાંખ્યો હતો.

સુરતના જિલ્લા કલેકટર ડો. ધવલ પટેલે પણ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ચેમ્બરની કાર્ય કરવાની ક્ષમતાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બરે સરકાર અને મહાજન વચ્ચેનો સંબંધ સારી રીતે જાળવ્યો છે. ખાસ કરીને કોરોનાના મહા સંકટ દરમ્યાન ઔદ્યોગિક વિસ્તારોના કામદારોના પ્રશ્ન સંદર્ભે ચેમ્બરે જે જાગૃતિ બતાવી હતી તેને કારણે આ સમસ્યાના સમાધાનમાં તંત્રને ખૂબ સરળતા થઇ હતી.

સુરત મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, સુરત તથા તેની આસપાસના વિસ્તારોમાં રૂપિયા ૩૦ હજાર કરોડથી વધારાનું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટનું કામ થઇ રહયું છે. જે સુરત માટે ચેલેન્જીસ અને ઓપોર્ચ્યુનીટી પણ છે. સુરતના ડેવલપમેન્ટમાં ચેમ્બરનું પણ કોન્ટ્રીબ્યુશન રહે તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

પદગ્રહણ સમારોહને અંતે વર્ષ ૨૦૨૦–૨૧ના ઉપપ્રમુખ તરીકે પદભાર સંભાળનાર આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયું હતું. સમગ્ર પદગ્રહણ સમારોહનું સંચાલન નિખિલ મદ્રાસીએ કર્યું હતું.